
# મેટા AI સ્માર્ટગ્લાસથી પ્રાઈવસી ખતરામાં, તપાસનો આદેશ



**ટેક-ટોક**

★ આનંદ ગાંધી

શું તમે જાણો છો કે સ્માર્ટગ્લાસથી તમારી પ્રાઈવસી પર સૌથી મોટો ખતરો છે? તમે સ્માર્ટગ્લાસનો ઉપયોગ કુતૂહલથી કરતા હશો. કદાચ ટેકનોલોજીને જાણવા માટે કરતા હશો અથવા તો લેટેસ્ટ ટેકનોલોજીના ઉપયોગના શોખ માટે કરો છો પરંતુ તમને એ વખતે એવી કલ્પના પણ નહીં હોય કે તમારા સ્માર્ટગ્લાસ તમારી પળેપળની જાસૂસી કરે છે. આ વાતમાં તમને અતિશયોક્તિ લાગતી હોય તો આખો ઘટનાક્રમ સમજો.

મેટાના સ્માર્ટગ્લાસને લઈને પ્રાઈવસીની ચર્ચા તો ઘણા સમયથી ચાલતી હતી. મેટા જે રીતે ડેટા બાબતે રેકોર્ડ ધરાવે છે એ જોતાં ઘણા નિષ્ણાતો ચેતવણી પણ આપતા હતા. AI ટેકનોલોજીથી સજ્જ સ્માર્ટગ્લાસ માર્કેટમાં આવ્યા ત્યારથી જ એ યુઝર્સની પસંદ બનવા લાગ્યા હતા. એના વેચાણના આંકડા પણ પ્રોત્સાહક છે ને એવા સમયે એક સ્વીડિશ અખબારનું ઈન્વેસ્ટિગેશન આવ્યું ને વિશ્વમાં ચકચાર જાગી ગઈ.

સ્વીડનના અખબાર સ્વેન્સ્કા ડેગબ્લેડેટના ઈન્વેસ્ટિગેશન અહેવાલમાં મેટાના રે-બેન સ્માર્ટગ્લાસ અંગે સનસનીખેજ ખુલાસા થયા હતા. વાત એવી હતી કે કેન્યાની એક સામા નામની કંપનીને મેટાએ AI ગ્લાસના ફૂટેજ જોવાનો કોન્ટ્રાક્ટ આપ્યો હતો. અહીં તમને સવાલ એ થાય કે AIના ફૂટેજ તો યુઝર્સની પ્રાઈવસી છે, તેમની અંગત બાબત છે. એને જોવાની જરૂર શું પડી? તો તમારા સવાલનો જવાબ એ છે કે AI સ્માર્ટગ્લાસને બહેતર બનાવવા માટે કંપની AI ટ્રેનર્સની મદદ મેળવે છે. આ AI ટ્રેનર્સ ફૂટેજના ડેટાના આધારે AI સિસ્ટમને ફીડ કરે છે. AI તેના આધારે વધારે સચોટ રીતે કામ કરે છે. મેટાએ આ કામ કોન્ટ્રાક્ટથી કેન્યાની કંપનીને આપ્યું હતું. એમાં એન્ટ્રી થઈ અખબારની.

સ્વીડિશ અખબારે ઈન્વેસ્ટિગેટિવ સ્ટોરીમાં દાવો કર્યો કે બેંક ડિટેઈલ્સ, સેક્સ, નિર્વસ્ત્ર લોકોનું રેકોર્ડિંગ હ્યુમન ટ્રેનર સહિત કેટલાય લોકો સુધી પહોંચે છે. જો તમારો મેટા ગ્લાસનો કેમેરા ઓન રહી ગયો હશે તો બાથરૂમ, બેડરૂમની અંગત પળો પણ બીજા કોઈ પાસે પહોંચે છે. હજારો લોકો સ્ક્રીન પર બોક્સ બનાવીને ઓબ્જેક્ટને ઓળખે છે. એ ડેટા AI સિસ્ટમને આપવામાં આવે છે. એક કર્મચારીને ટાંકીને અખબારી રિપોર્ટમાં દાવો થયો કે અમુક લોકો બાથરૂમમાંથી કપડાં વગર બહાર નીકળી રહ્યા છે એવાં દૃશ્યો તેમની પાસે આવ્યાં. મજાની વાત એ હતી કે જે વ્યક્તિઓ આ જુએ છે એને ખબર નથી કે જે યુઝર્સનું રેકોર્ડિંગ તેમની પાસે આવે છે તેની યુઝર્સને જાણ છે કે નહીં. તેમને તો એટલું કહેવામાં આવે છે કે આ રેકોર્ડિંગ યુઝર્સની સહમતિથી પહોંચે છે.

એક બીજા કર્મચારીનો અનુભવ જુઓ.



**મેટાએ સામા નામની કેન્યાની કંપનીને AIને બહેતર બનાવવા માટે ગ્લાસના ફૂટેજનું વિશ્લેષણ કરવાનો કોન્ટ્રાક્ટ આપ્યો હતો. AI ટ્રેનર્સ નામે જે લોકો ફૂટેજનું એનાલિસિસ કરતા હતા તેમનો દાવો બહાર આવ્યો એનાથી મોટો ખતરો સર્જાયો છે. કેન્યાની ડેટા પ્રોટેક્શન એજન્સી પણ એક્શનમાં આવી છે. જો દાવો સાચો હોય તો એ અત્યાર સુધીનો સૌથી મોટો ડેટા પ્રાઈવસીનો મુદ્દો બનશે**

તેણે કહ્યું કે એક વ્યક્તિ બેડરૂમના કેબિનેટમાં સ્માર્ટગ્લાસ રાખીને બહાર નીકળી જાય છે. થોડી વાર પછી એક મહિલા બેડરૂમમાં આવે છે અને કપડાં ચેન્જ કરે છે. એ બધું સ્માર્ટગ્લાસમાં રેકોર્ડ થયું અને તેમના સુધી પહોંચ્યું. આવા બે-ત્રણ કિસ્સાથી ખળભળાટ મચી ગયો. એવી વળતી દલીલ પણ થઈ કે અમુક વીડિયો જાણી જોઈને ટ્રેનિંગ માટે રેકોર્ડ થયા હશે પરંતુ કોઈ યુઝર્સ તેમની અંગત પળો શું કામ આ રીતે શેર કરવા તૈયાર થાય એ સવાલનો જવાબ મળતો નથી.

ભારે ચર્ચાસ્પદ બનેલા આ અહેવાલો બાદ મેટાએ સામા કંપની સાથે કરાર તોડી નાખ્યો. મેટાએ એમ કહ્યું કે તેમના માપદંડોમાં સામા કંપની ખરી ઊતરી નહીં એટલે કરારનો અંત આવ્યો પરંતુ સામા કંપનીના અધિકારીઓએ નામ જાહેર કર્યા વગર કહ્યું કે આખી વાત ખુલ્લી પડી ગઈ એટલે કરાર રદ કરી દેવાયો. મેટાએ કરારનો અંત લાવ્યો તેનાથી સામા કંપનીમાં 1100 કર્મચારીઓની નોકરી ગઈ. આ બધું ઉપરાંત હજુ તપાસનો ધમધમાટ ચાલી રહ્યો છે. કેન્યાની ડેટા પ્રોટેક્શન એજન્સીએ તપાસ આદરી છે ને બ્રિટનના ઈન્ફર્મેશન કમિશને પણ કંપની પાસે ખુલાસો પૂછ્યો છે કારણ કે બ્રિટનમાં પણ સ્માર્ટગ્લાસના યુઝર્સ વધી રહ્યા છે. આગામી દિવસોમાં બીજા દેશોમાં પણ આની તપાસ થઈ શકે છે. એક વાત તો ખરી કે જો આ દાવા સાચા હોય તો એ ડેટા પ્રાઈવસીનો સૌથી મોટો મુદ્દો બની જશે.

---

# યા અબ્ર-એ-કરમ બન કે બરસ ખ़ુશ્ક ઝમીં પર
# યા પ્યાસ કે સહરા મેં મુઝે જીના સિખા દે

**-વઝીર આગ़ા**

**કેફિયત**

★ હનીફ મહેરી

ક્યાં તો કૃપાનાં વાદળ થઈ વરસ શુષ્ક ધરા પર, ક્યાં તો રણમાં તરસ સાથે મને જીવવું શીખવે દે. વરસાદનું પડવું એ કુદરતની કૃપા છે. કુદરતની કૃપા હોય તો રણમાં પણ તમને ઉપવન મળે. ઈશ્વરની કૃપા વરસાદના વાદળના રૂપમાં વરસે તો એવી જગ્યાએ વરસે કે જેનાથી શુષ્ક ધરા(ખ़ુશ્ક જમીં) વરસાદના પાણીથી તરબતર થઈ શકે પરંતુ જો સૂકી જમીન પર વરસાદનાં વાદળ નહીં વરસી શકે તેવું હોય તો સૂકા રણમાં તરસ સાથે જીવવાનું શીખવી દો. રણ હોય ત્યાં તરસ હોય. વાદળ હોય ત્યાં વરસાદ હોય પરંતુ જો શુષ્ક જમીન પર વરસાદ પડી શકે તેમ નહીં હોય તો પછી તરસ સાથે જીવવાનું શીખવી દો. ઇશ્વરની કૃપા હોવી જોઈએ. જો વરસાદના વાદળની કૃપા (અબ્ર-એ-કરમ) નહીં વરસે તો રણમાં તરસ સાથે જીવવાની ધીરજ આપી દે. રણ હોય ત્યાં તરસ રહેવાની જ પરંતુ રણમાં રહેનારા પાણી વગર તરસને કઈ રીતે છીપાવવી તેની ખૂબી જાણતા હોય છે. રણમાં જીવવું એટલે પાણી વગર જીવવું. અહીં વરસાદના વાદળની કલ્પના ઓછી જ કરવાની. જો વરસાદી વાદળની કૃપા નહીં થાય તો પછી રણમાં તરસ સાથે જીવવાની કળા શીખવી દો. રણમાં કઈ રીતે જીવવું તે એક વખત શીખી લો પછી તમારે વરસાદની ગરજ નહીં રહે. રણની તરસ તમને પરેશાન નહીં કરે. ઘણાં લોકો રણમાં પણ ઉપવનની જેમ જીવી શકે છે. રણમાં જીવતા માણસ માટે પાણી કોઈ અજાયબી જેવી ચીજ છે. અહીં તરસની ટેવ પાડવી પડે છે. અહીં વેરાની વચ્ચે જીવનને જીવતા શીખવું પડે છે. રણમાં વરસાદનાં વાદળો માટે અપેક્ષા કરવી કઠીન છે. ઇશ્વર જેને રણ આપે છે તેને પાણીના સંકટ સાથે જીવવાની ધીરજ પણ આપે છે. જયાં રણ છે ત્યાં વરસાદની ખેવના કઈ રીતે કરી શકાય? છતાં ઇશ્વરની કૃપા તો રણ ઉપર પણ વરસે. ઉપવન ઉપર પણ વરસે. વરસાદનાં વાદળ માટે તો બધાં માટે એક સરખી કૃપા હોય છે. તેના માટે જંગલ, શહેર, ગામ કે રણ બધું સરખું છે.

